


# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૦ | ૧ એપ્રિલ, ૨૦૧૬, શુક્રવાર ; ફાગણ વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# ભારત સામે વેસ્ટ ઈન્ડીઝનો રોમાંચક વિજય

**કોહલીની વિરાટ આક્રમક બેટિંગ છતાં ભારતની જીત હાથમાંથી સરકી ગઈ : પ્રથમ બેટિંગ કરતા ભારતનો ૧૯૨ રનનો જંગી જુમલો**

**સીમોન્સ અને રસેલની આક્રમક રમતે વેસ્ટ ઈન્ડીઝને વિજય અપાવ્યો : બે નો-બોલ પર ભારતે વિકેટનો ચાન્સ ગુમાવ્યો**

મુંબઈ,તા. ૩૧

વર્લ્ડ કપ ટી-૨૦ની સેમિફાઈનલની રોમાંચક મેચમાં ભારતની વિજયની તક છીનવી લઈ વેસ્ટ ઈન્ડિઝનો ફાઈનલમાં પ્રવેશ થયો હતો. ૧૯૩ રનના લક્ષ્યાંકને વેસ્ટ ઈન્ડીઝે ૧૯.૪ ઓવરમાં પહોંચી ૭ વિકેટે વિજય મેળવ્યો હતો.

આજે રમાયેલી બીજી સેમિફાઈનલ મેચમાં ભારતે વિન્ડિઝને જીતવા માટે ૧૯૩નો વિશાળ પડકાર ફેંક્યો હતો જેના જવાબમાં વિન્ડિઝનો ફલોપશો રહ્યો હતો અને ક્રિસ ગેઈલ સસ્તામાં પેવેલિયન ભેગા થતાં ભારતની જીતવાની તક શરૂઆતમાં જ ઉજ્જવળ બની ગઈ હતી. પરંતુ બે વિકેટ બાદ ત્રીજી વિકેટની ભાગીદારી આક્રમક રીતે ૯૭ રન કરતા મેચની બાજી બદલાઈ ગઈ હતી. સિમોન્સના ૮૨ અને રસેલ્સના ૪૩ રને વેસ્ટ ઈન્ડિઝને વિજય અપાવ્યો હતો.


સિમોન્સ અને રસેલ્સે ચોગ્ગા-છગ્ગાની આતશબાજી કરી સમગ્ર મેચનું પલ્લુ બદલી નાખ્યું હતું. ભારતની ફિલ્ડીંગ ચુસ્ત હોવા છતાં બે નો-બોલ પર વિકેટનો ચાન્સ ગુમાવ્યો હતો.

વિન્ડિઝે ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરવાનો નિર્ણય કર્યા બાદ ભારતે જોરદાર શરૂઆત કરી હતી અને પ્રથમ વિકેટની ભાગીદારીમાં રહાણે અને શર્માએ ૬૨ રન બનાવ્યા હતા. ઓસ્ટ્રેલિયા સામે ચેમ્પિયન ઈનિંગ્સ રમનાર વિરાટ કોહલી આજે પણ છવાયેલો રહ્યો હતો. વિરાટની ૪૭ બોલમાં ૮૯ રન નોટઆઉટની ઈનિંગ્સ સાથે ભારતે ૧૯૨ રન બે વિકેટે બનાવી લીધા હતા. જે પડકાર વેસ્ટ ઈન્ડીઝે ઝીલી વિજય મેળવ્યો હતો.



# નાણાંકીય વર્ષના છેલ્લા દિવસે શેરબજારમાં ઉદાસીન માહોલ

**વિદેશી સંસ્થાકીય મૂડીરોકાણકારો ઇક્વિટીમાં ખરીદદાર તરીકે રહ્યા : ઓઇલની કિંમત ઘટી પ્રતિબેરલ ૩૯ ડોલર**



મુંબઈ,તા. ૩૧

નાણાંકીય વર્ષના છેલ્લા દિવસે આજે બજારમાં ઉદાસીન કારોબાર રહ્યો હતો. બીએસઈ સેંસેક્સમાં ૩ પોઈન્ટનો નજીવો સુધાર થતાં તેની સપાટી ૨૫૩૪૩ રહી હતી. જ્યારે નિફ્ટી પણ ૩ પોઈન્ટ રિકવર થઈને ૭૭૩૮ની સપાટીએ રહ્યો હતો. વિદેશી સંસ્થાકીય રોકાણકારો ઈક્વિટીમાં ખરીદદાર તરીકે રહ્યા હતા. કોમોડિટીના ક્ષેત્રમાં તેલની કિંમતો બેરલદીઠ ઘટીને ૩૯ ડોલર થઈ છે. હિરો મોટો સિવાય તમામ ટુ વ્હીલર કંપનીઓના શેરમાં ઉતારચઢાવની સ્થિતિ રહી હતી. શેરબજારમાં આજે આરબીઆઈની ચર્ચા રહી હતી. ગઈકાલે બુધવારના દિવસે કારોબારના અંતે સેંસેક્સ ૪૩૮ પોઈન્ટ રિકવર થઈને ૨૫૩૩૯ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૧૩૮ પોઈન્ટ ઉછળીને ૭૭૩૫ની સપાટીએ રહ્યો હતો. બ્રોડર માર્કેટમાં તેજી રહી હતી. સ્મોલકેપ અને મિડકેપ ઈન્ડેક્સમાં ૧.૫ ટકાનો ઉછાળો રહ્યો હતો.

# કોલકાતામાં ફલાયઓવર ધરાશાયી : ૧૭ના મોત



**બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરાઈ**
**બપોરના ગાળામાં વિવેકાનંદ રોડ ફ્લાયઓવર ધરાશાયી**
**મોટી સંખ્યામાં લોકો કાટમાળ હેઠળ ફસાયા**

કોલકાતા,તા. ૩૧

પશ્ચિમ બંગાળના પાટનગર કોલકાતામાં ખુબ જ વ્યક્ત માર્ગ ઉપર સ્થિત નિર્માણ હેઠળ વિવેકાનંદ રોડ ફ્લાયઓવર આજે ધરાશાયી થઈ જતાં ઓછામાં ઓછા ૧૭ લોકોના મોત થઈ ગયા છે અને ૨૦૦થી વધુ લોકો ઘાયલ થઈ ગયા છે જે પૈકી મોટી સંખ્યામાં લોકોની હાલત ગંભીર જણાવવામાં આવી છે. આ બનાવ બાદ બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી હતી. કાટમાળ હેઠળથી લોકોને કાઢવાની કામગીરી યથાવતરીતે ચાલી રહી છે. દુર્ઘટનામાં મૃતકોની સંખ્યા વધવાની દહેશત અધિકારીઓ પણ વ્યક્ત કરી રહ્યા છે. ઈજાગ્રસ્તોને જુદી જુદી હોસ્પિટલોમાં તરત ખસેડવામાં આવ્યા હતા. ચૂંટણી પ્રચારના સંબંધમાં પશ્ચિમી મિદનાપુર જિલ્લામાં પહોંચેલા મુખ્યમંત્રી મમતા બેનરજીના આ સમાચાર મળતાની સાથે જ મમતા બેનરજી તરત કોલકાતા પરત ફર્યા હતા અને ઘટના સ્થળની મુલાકાત લીધી હતી. મમતા બેનરજીએ પોલીસ જવાનો, ફાયર બ્રિગેડ અને એનડીઆરએફના અધિકારીઓને

● અનુસંધાન પાન-૭ પર

# પ્રદેશ ભાજપના પદાધિકારીઓની જાહેરાત

**ચાર મહામંત્રી યથાવત : આઠ ઉપપ્રમુખ, આઠ મંત્રી**

| નામ | હોદ્દો |
|---|---|
| આઈ. કે. જાડેજા | ઉપપ્રમુખ |
| ગોરધન ઝડફીયા | ઉપપ્રમુખ |
| ભાર્ગવભાઈ ભટ્ટ (વડોદરા શહેર) | ઉપપ્રમુખ |
| શ્રીમતી જયશ્રીબેન પટેલ (સાંસદ) | ઉપપ્રમુખ |
| જશવંતસિંહ ભાભોર (સાંસદ) | ઉપપ્રમુખ |
| જયસિંહ ચૌહાણ | ઉપપ્રમુખ |
| શ્રીમતી જશુમતીબેન કોરાટ | ઉપપ્રમુખ |
| શ્રીમતી રમીલાબેન બારા | ઉપપ્રમુખ |
| ભીખુભાઈ દલસાણીયા (સંગઠન) | મહામંત્રી |
| ભરતસિંહ પરમાર | મહામંત્રી |
| મનસુખભાઈ માંડવીયા | મહામંત્રી |
| કે.સી. પટેલ | મહામંત્રી |
| શબ્દશરણભાઈ બ્રહ્મભટ્ટ | મહામંત્રી |
| રાજેશભાઈ ચુડાસમા (સાંસદ) | મંત્રી |
| અમિતભાઈ ઠાકર | મંત્રી |
| શ્રીમતી નૌકાબેન પ્રજાપતિ | મંત્રી |
| હર્ષદગીરી ગોસ્વામી | મંત્રી |
| રમણજી સોલંકી | મંત્રી |
| પ્રદિપસિંહ વાઘેલા | મંત્રી |
| શ્રીમતી કિરણબેન પટેલ (વાપી) | મંત્રી |
| દર્શીનીબેન કોઠીયા (સુરત) | મંત્રી |
| સુરેન્દ્રભાઈ પટેલ | કોષાધ્યક્ષ |
| સ્ટેટ કોર્ડીનેટર ઈન્ચાર્જ હેડક્વાર્ટર | કૌશીકભાઈ પટેલ |
| પ્રદેશ પ્રવક્તા | ભરત પંડ્યા |
| પ્રદેશ કાર્યાલયમંત્રી | પરેશ પટેલ |

# રાજ્યના કુલ ૫૨૭ ગામ અર્ધ અછતગ્રસ્ત જાહેર

**રાજ્યમાં અછત અંગે પેટા સમિતિની બેઠક યોજાઈ : રાજ્યમાં પીવાના પાણી તેમજ ઘાસચારોનો પુરતો જથ્થો ઉપલબ્ધ**

અમદાવાદ, તા.૩૧

રાજયની અછત અંગેની સમીક્ષા માટે રચાયેલી પેટા સમિતી દ્વારા ૫૨૭ ગામોને અર્ધઅછત જાહેર કરવામાં આવ્યા છે. તેમ આજે ગાંધીનગર ખાતે અછત અંગેની યોજાયેલી પેટા સમિતીની બેઠકમાં શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું. આ બેઠકમાં નાણામંત્રી સૌરભભાઈ પટેલ અને કૃષિ મંત્રી બાબુભાઈ બોખિરીયાએ ઉપસ્થિત જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. ચુડાસમાએ વધુમાં કહ્યું હતું કે, અછત જાહેર કરેલા ગામોમાં રાજકોટ જિલ્લાના ૧૫૭, જામનગર જિલ્લાના ૨૮૮ અને દેવભૂમિ દ્વારકાના ૮૨ એમ મળી કુલ ૫૨૭ ગામોનો સમાવેશ કરાયો છે. આ ઉપરાંત રાજયમાં અર્ધ અછત જાહેર થયો હોય અને જાહેર ન થયો તેવા વિસ્તારોમાં પીવાના પાણીના પાણી અને ઘાસચારાની તંગી ન વર્તાય તે માટે રાજય સરકાર દ્વારા પુરતા પગલા લેવામાં આવ્યા છે.

રાજય સરકાર પાસે ઘાસચારાની વ્યવસ્થા પુરતા પ્રમાણમાં છે અને જેમ જેમ માંગણી આવશે તેમ વિતરણ વ્યવસ્થા કરાશે પાણી પુરવઠા વિભાગે બે મહત્વના પૂર્ણ નિર્ણય કર્યા છે. જેમાં રાજયના જે ગામોમાં બંધ પડેલા બોર અને હેન્ડપંપ પાણી પુરવઠા બોર્ડના ખર્ચે તૈયાર કરવામાં આવશે. તેમજ નવા બોર કરવામાં જે ગામો યોજનામાં ન આવતા હોય તે ગામના લોકો પાસેથી ૧૦ ટકા લોકફાળો લેવામાં આવતો હતો. આ સમયપુરતા ૧૦ ટકા ફાળો માફ કરીને ૧૦૦ ટકા ફાળો પાણી પુરવઠા બોર્ડ દ્વારા આપીને નવા બોર તૈયાર કરી આપવામાં

● અનુસંધાન પાન-૭ પર





